# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-02-2025** **Morning: 7.45 TO 7.55**
**Day :MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

*****************************************************

1) ઓમાનના મસ્કતમાં હિંદ મહાસાગર પરિષદ દરમિયાન વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકરે મોરેશિયસ, માલદીવ, નેપાળ, ભૂટાન અને શ્રીલંકાના તેમના સમકક્ષો સાથે મુલાકાત કરી
2) બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ- BGB વચ્ચે ડાયરેક્ટર જનરલ સ્તરની સરહદ સંકલન પરિષદનો આજથી દિલ્હીમાં પ્રારંભ
3) ઉત્તર રેલ્વેએ દિલ્હીથી પ્રયાગરાજ સુધીની ચાર નવી મહા કુંભ મેળા સ્પેશિયલ ટ્રેન શરૂ કરી
4) 22 માર્ચથી ઇન્ડિયન પ્રિમીટર લીગ- IPLનો પ્રારંભ થશેઃ પ્રથમ મેચ કોલકાતા નાઇટ રાઇડર્સ અને RCB વચ્ચેઃ 25મેનાં રોજ ફાઇનલ રમાશે
5) ક્રિકેટમાં, મહિલાઓ માટેની પ્રિમીયર લીગમાં યુપી વોરિયર્ઝ સામે ગુજરાત જાયન્ટ્સનો વિજય -આજે દિલ્હી કેપિટલ-RCB વચ્ચે મુકાબલો

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# INDIAN OCEAN CONFERENCE

ઓમાનની રાજધાની મસ્કતમાં 8મી હિંદ મહાસાગર પરિષદ દરમિયાન ગઈકાલે વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકરે મોરેશિયસ, માલદીવ, નેપાળ, ભૂટાન અને શ્રીલંકાના તેમના સમકક્ષો સાથે મુલાકાત કરી હતી. મોરેશિયસના તેમના સમકક્ષ ધનંજય રિતિશ રામકુલ સાથેની મુલાકાત દરમિયાન, ડૉક્ટર જયશંકરે બે રાષ્ટ્રો વચ્ચે "મિત્રતાના ખાસ બંધનો" વધુ મજબૂત કરવાની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો.

વિદેશ મંત્રીએ માલદીવના તેમના સમકક્ષ અબ્દુલ્લા ખલીલ સાથેની મુલાકાત દરમિયાન ભારત-માલદીવ સહયોગન  અનેક પાસાઓ પર ચર્ચા કરી હતી. શ્રીલંકાના તેમના સમકક્ષ વિજિતા હેરાથ સાથે ડૉ. જયશંકરે બે રાષ્ટ્રો વચ્ચે વ્યાપક સહયોગની ચર્ચા કરી હતી.

ઓમાનની મુલાકાત દરમિયાન ડોક્ટર જયશંકર હિંદ મહાસાગર પરિષદથી અલગ ઓમાન, બ્રુનેઈ અને ઈરાનના તેમના સમકક્ષોને પણ મળ્યા. તેમણે બાંગ્લાદેશના વિદેશ બાબતોના સલાહકાર મોહમ્મદ તૌહીદ હુસૈન સાથે પણ મુલાકાત કરી.

# VP- VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે પંજાબના ચંદીગઢ અને મોહાલીના એક દિવસનાં પ્રવાસ પર જશે. શ્રી ધનખડ મોહાલી સ્થિત રાષ્ટ્રીય કૃષિ-ખાદ્ય અને બાયોમેન્યુફેક્ચરિંગ સંસ્થા- NABI ખાતે મુખ્ય મહેમાન તરીકે હાજરી આપશે. ઉપરાષ્ટ્રપતિ ભારતીય વિજ્ઞાન શિક્ષણ અને સંશોધન સંસ્થાના ફેકલ્ટી મેમ્બર્સ અને વિદ્યાર્થીઓ સાથે આયોજિત એક સત્રની અધ્યક્ષતા પણ કરશે.

# EARTHQUAKE NORTH INDIA

નવી દિલ્હી અને ઉત્તર ભારતનાં અનેક ભાગોમાં આજે સવારે  પાંચ વાગીને 36 મિનિટે 4ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. રાષ્ટ્રીય સિસ્મોલોજી કેન્દ્ર પ્રમાણે ભુકંપનું કેન્દ્રબિંદુ દિલ્હી નજીક પાંચ કિલોમીટરની ઉંડાઈએ હતું. દિલ્હી, નોઇડા, ઇન્દિરાપુરમ અને એનસીઆરનાં કેટલાંક વિસ્તારોમાં ભુકંપનો આંચકો અનુભવાયો હતો. જાનમાલને નુકસાનના કોઈ સમાચાર નથી.

# BSF BGB CONFERENCE

બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ- BGB વચ્ચે ડાયરેક્ટર જનરલ સ્તરની 55મી સરહદ સંકલન પરિષદનો આજથી દિલ્હીમાં પ્રારંભ થશે. 20 ફેબ્રુઆરી સુધી ચાલનારી આ પરિષદમાં BSFના ડિરેક્ટર જનરલ, દલજીત સિંહ ચૌધરીના નેતૃત્વમાં ભારતનું BSF પ્રતિનિધિમંડળ, BGBના ડિરેક્ટર જનરલ, મેજર જનરલ મોહમ્મદ અશરફ ઉઝમાન સિદ્દીકીના નેતૃત્વમાં BGB પ્રતિનિધિમંડળને મળશે. આ પરિષદનું આયોજન સરહદ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવા અને બંને સરહદ સલામતી દળો વચ્ચે વધુ સારા સંકલન માટે કરવામાં આવી રહ્યું છે. પરિષદ દરમિયાન, બાંગ્લાદેશ સ્થિત તોફાની તત્વો દ્વારા BSF કર્મચારીઓ અને ભારતીય નાગરિકો પર થતા હુમલા અને સરહદ પારના ગુનાઓને કેવી રીતે તે સહિતનાં મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

## MAHAKUMBH

## અને હવે મહાકુંભ અંગેનાં સમાચાર

(Opening Kumbh Music )

ઉત્તર રેલ્વેએ મુસાફરોની સુવિધા માટે અને મહાકુંભ મેળા દરમિયાન વધારાની ભીડને દૂર કરવા માટે દિલ્હીથી પ્રયાગરાજ સુધી ગઈ કાલથી ચાર નવી મહાકુંભ મેળા સ્પેશિયલ ટ્રેનો શરૂ કરી હતી. ચાર ટ્રેનોમાંથી એક આનંદ વિહાર રેલ્વે સ્ટેશનથી અને બાકીની નવી દિલ્હી રેલ્વે સ્ટેશનથી ચલાવવામાં આવી રહી છે. આ ટ્રેનોના પ્રસ્થાનનો સમય દરરોજ બપોરે ૩ થી રાત્રે ૯ વાગ્યા સુધી નક્કી કરવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલ્વે આજથી વિશ્વામિત્રી અને બલિયા વચ્ચે મહાકુંભ મેળા માટે વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન ચલાવશે.

વિશ્વામિત્રી-બલિયા મહાકુંભ વિશેષ ટ્રેન વિશ્વામિત્રીથી સવારે 08 વાગીને 35 મિનીટે ઉપડી અને બીજા દિવસે સાંજે સાત વાગ્યે બલિયા પહોંચશે. તેવી જ રીતે બલિયા-વિશ્વામિત્રી વિશેષ ટ્રેન આવતીકાલે બલિયાથી રાતે સાડા 11 વાગ્યે ઉપડશે.

દરમિયાન, ગઈ કાલે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ અને કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નિતિન ગડકરીએ ત્રિવેણી સંગમમાં આસ્થાની ડૂબકી લગાવી હતી. પ્રસ્તુત છે આ અંગેનો અહેવાલઃ

(KUMBH NITIN GADKARI)

(Kumbh Music )

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

**(ગોન્ગ મ્યુઝિક)**

# UTTARAKHAND-CHAMOLI

ઉત્તરાખંડમાં, ચમોલીમાં ભારત-તિબેટ સરહદી વિસ્તારોની મુલાકાત લેતા પ્રવાસીઓ હવે સરળતાથી ઓનલાઈન ઇનર લાઇન પરમિટ મેળવી શકશે. જિલ્લા વહીવટીતંત્રે એક વેબસાઇટ શરૂ કરી છે. જેમાં પ્રવાસીઓ માનાપાસ, રિમખીમ પાસ અને નીતિપાસ જેવી સાઇટ્સની મુલાકાત લેવા માટે મુશ્કેલી વિના ઓનલાઇન પાસ માટે અરજી કરી શકે છે.

અગાઉ, મુલાકાતીઓએ કુદરતી સૌંદર્ય અને ધાર્મિક મહત્વ માટે જાણીતા આ મુખ્ય સ્થળોની મુલાકાત લેવા માટે ઑફલાઇન અરજી કરવી પડતી હતી.

જિલ્લા મેજિસ્ટ્રેટ સંદીપ તિવારીએ જણાવ્યું કે, અરજી કર્યા પછી, પ્રવાસીઓને સ્થાનિક પોલીસ અને આરોગ્ય વિભાગની મંજૂરીના આધારે પાસ આપવામાં આવશે.

# IPL 2025

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ-BCCI એ જાહેરાત કરી છે કે ઇન્ડિયન પ્રીમિયર લીગ -IPLની 18મી સીઝન 22 માર્ચથી શરૂ થશે. 22 માર્ચે કોલકાતાના પ્રતિષ્ઠિત ઇડન ગાર્ડન્સ સ્ટેડિયમ ખાતે વર્તમાન ચેમ્પિયન કોલકાતા નાઇટ રાઇડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચેની મેચ સાથે સ્પર્ધાનો પ્રારંભ થશે.

23 માર્ચે સનરાઇઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ વચ્ચે મુકાબલો થશે. આ વર્ષની આઇપીએલમાં ગઇ સીઝનનું ફોર્મેટ અપનાવવામાં આવ્યું છે. ટ્રોફી માટે 10 ટીમો વચ્ચે મુકાબલો થશે. ટીમોને બે ગ્રૂપમાં વહેંચવામાં આવી છે.

## WOMEN'S PREMIER LEAGUE

ક્રિકેટમાં, મહિલાઓ માટેની પ્રિમીયર લીગમાં ગુજરાત જાયન્ટ્સે યુપી વોરિયર્ઝને છ વિકેટે પરાજય આપ્યો છે. ગઈ કાલે રાત્રે વડોદરાના કોટામ્બી સ્ટેડિયમમાં રમાયેલી ટુર્નામેન્ટની બીજી મેચમાં 144 રનનાં લક્ષ્યાંકનો પીછો કરતા ગુજરાત જાયન્ટ્સે 18 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને લક્ષ્યાંક પાર કર્યો હતો.

કેપ્ટન એશ્લી ગાર્ડનર 52 રન બનાવીને ‘પ્લેયર ઓફ ધ મેચ’ બન્યા હતા. દિએન્દ્ર ડોટીને 33 અને હરલીન દેઓલે 34 રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું.

અગાઉ, ગુજરાત જાયન્ટ્સે ટોસ જીતીને બોલિંગ પસંગ કરી હતી. યુપી વોરિયર્ઝે મર્યાદિત 20 ઓવરમાં 9 વિકેટે 143 રન કર્યા હતા. કેપ્ટન દિપ્તી શર્માએ 39 રન કર્યા હતા. પ્રિયા મિશ્રાએ ત્રણ વિકેટ લીધી હતી. આજે વડોદરામાં જ દિલ્હી કેપિટલનો સામનો રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે થશે.

મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.

# ASIAN JUNIOR TEAM CHAMPIONSHIPS 2025

સ્ક્વોશમાં, ભારતીય પુરુષ અને મહિલા ટીમોએ એશિયન જુનિયર ટીમ ચેમ્પિયનશિપ 2025માં કાંસ્ય ચંદ્રક જીત્યા છે. હોંગકોંગ સ્ક્વોશ સેન્ટર ખાતે ભારતીય પુરુષ ટીમ મલેશિયા સામે સેમિફાઇનલમાં હારી ગઈ હતી જ્યારે અનાહત સિંહની આગેવાની હેઠળની મહિલા ટીમ યજમાન હોંગકોંગ હારી હતી.

એશિયન જુનિયર ટીમ ચેમ્પિયનશિપમાં ભારત 2011 અને 2017માં જીત્યું હતું.

# BAFTA-ALL WE IMAGINE

ફિલ્મ સમીક્ષકો દ્વારા વખણાયેલી બહુચર્ચિત ફિલ્મ 'ઓલ વી ઇમેજિન એઝ લાઇટ', બાફ્ટા એવોર્ડની 78મી આવૃત્તિમાં પુરસ્કાર જીતવામાં નિષ્ફળ ગઈ છે.

પાયલ કાપડિયા દિગ્દર્શિત આ ફિલ્મ "નોટ ઇન ધ ઇંગલીશ લેંગવેજ કેટેગરી'માં સ્પર્ધા કરી રહી હતી, જેમાં સ્પેનિશ ફિલ્મ 'એમિલિયા પેરેઝ'નો વિજય થયો છે.

## હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

1) આજના સમાચારપત્રોમાં વિવિધ સમાચાર મુખ્યમથાળામાં છે. નવગુજરાત સમય લખે છે, IPL 2025: મેગા મનોરંજનનો 22 માર્ચથી પ્રારંભ, 25 મેએ ફાઈનલ. ગુજરાત સમાચાર લખે છે, ટ્રમ્પનો તરખાટઃ ભારતે રશિયાથી ઑઈલની આયાત ઘટાડી. સંદેશનું મુખ્યશીર્ષક છે, ભારતની ચૂંટણીમાં હસ્તક્ષેપ મટે US ભંડોળ..! ફૂલછાબે “સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઃ 57 ટકા નિરસ મતદાન”ને મુખ્યશીર્ષક બનાવ્યું છે. નવી દિલ્હીના રેલવે મથક પર થયેલી દોડધામ અંગે રાજસ્થાન પત્રિકા લખે છે, પ્રશાસન કી લાપરવાહી ઔર ભીડ પ્રબંધન કી ચૂક સે મચી ભગદડ.

2) સંદેશે “મહાકુંભ માટે પ્રયાગરાજમાં રજાના દિવસોમાં ભારે ભીડ”ના સમાચાર તસવીર સાથે પહેલા પાના પર લીધા છે.

3) સંદેશ સ્થાનિક પાનામાં લખે છે, મધ્યપ્રદેશની 7 હજાર 669 કરોડની ઉઘરાણીથી ગુજરાત સ્તબ્ધ રાજકીય ઈચ્છાશક્તિના અભાવે લટકતો પ્રશ્ન વિકટ બન્યો.

4) ગુજરાત સમાચાર સ્થાનિક પાના પર લખે છે, ઘડિયાળ ઉત્પાદનની ઓળખ ધરાવતા મોરબીનો જ ‘ટાઈમ’ ખરાબ ચાલી રહ્યો છે.

5) અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા આઠ ગુજરાતીઓને વતનમાં પરત મોકલાયાના સમાચારને ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્ય ભાસ્કરે પ્રકાશિત કર્યા છે.

6) નવગુજરાત સમય પહેલા પાના પર લખે છે, અમેરિકાએ ભારતીયોને ફરી સાંકળે બાંધી મોકલ્યા, અમૃતસરમાં ઉતરતાં પહેલાં બેડીઓ દૂર કરાઈ.